માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ અરજી ફી તથા અન્ય ચાર્જીસની થયેલ આવક અંગેનું બજેટ સદર બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ વહસ–૨૦૦૫–૪૫૦–આર.ટી.આઈ. સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૦૫–૦૧–૨૦૦૬

<u>વંચાણે લીધાઃ</u>

૧. વિભાગનો સરખા ક્રમાંકનો પરિપત્ર, તા.૨૦–૧૦–૨૦૦૫.

૨. નાણા વિભાગનો પત્ર ક્રમાંકઃ ઓએનએસ–૧૦૨૦૦૫–૫૧૬૧–(૧૩૦)–ક, તા. ૦૮ – ૧૨–૨૦૦૫.

૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), રાજકોટના તા.૩૦–૧૧–૨૦૦૫ના પત્રાંકઃ ટીએમ/પ્રપોઝલ/ઓએનએસ/૦૦૭૦/ઓડબલ્યુ–૪૨૮.

પ રિ પ ત્ર :

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યકિતએ ઠરાવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નકકી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપરની હકીકતે આ અંગેની ફી તેમજ અન્ય ચાર્જીસની જે આવક થાય તે કયા નવા બજેટ સદરે જમા કરાવવી તે બાબત એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટના પરામર્શમાં વિચારણા હેઠળ હતી. તે દરમિયાન આમુખ–(૧)માં દર્શાવેલ તા.૨૦–૧૦–૨૦૦૫ના પરિપત્રથી કામચલાઉ બજેટ સદર આ હેતુ માટે નકકી કરવામાં આવેલ હતું.

૩. આમુખ–(૨)માં દર્શાવેલ નાણા વિભાગના તા.૦૮–૧૨–૨૦૦૫ના પત્રમાં જણાવ્યા મુજબ આ હેતુ માટેના બજેટ સદરની એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ તરફથી આમુખ–૩માં દર્શાવેલ તા.૩૦–૧૧–૨૦૦૫ના પત્રથી મંજૂરી મળી ગયેલ હોઈ, આ કાયદા / નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની જે આવક થાય તે નીચે મુજબના બજેટ સદરે જમા કરવા / કરાવવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Demand No | : | - |
| Major Head | : | 0070-Other Administrative Services |
| Sub-Major Head | : | 60-Other Services |
| Minor Head | : | 800-Other Receipt |
| Sub-Head | : | (17) Fees & Other Charges under the Right to Information Act / Rules |

| | | |
|---|---|---|
| માગણી નંબર | : | – |
| મુખ્ય સદર | : | ૦૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : | ૬૦–અન્ય સેવાઓ |
| ગૌણ સદર | : | ૮૦૦–અન્ય આવકો |
| પેટા સદર | : | (૧૭)–માહિતી મેળવવાના અધિકારનો કાયદો / નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક. |

૪. આ અંગેની જે કોઈ આવક થાય તે અંગેનો હિસાબ / માહિતી સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીઓએ અલગ રીતે જાળવવાની રહેશે. તદ્‌ઉપરાંત એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટની કચેરી ખાતે હિસાબી મેળવણાની કામગીરી પણ વખતોવખત થાય તેની તકેદારી રાખવાની રહેશ ે. આ બાબત સર્વે વિભાગોએ તેઓના તાબા હેઠળના ખાતાના વડાઓ અને સર્વે કચેરીઓના ધ્યાને લાવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી.એસ.ઉપાધ્યાય
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- મા.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.
  મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
  તમામ મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  અંગત સચિવશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
  મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટઈમેન્ટ), રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), અમદાવાદ.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગાંધીનગર.
  જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ).
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
  નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ, અમદાવાદ.
  નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો.
  સર્વે જિલ્લા કલેકટરશ્રી.
  સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
  સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
  પસંદગી ફાઈલ
  ——————————
- પત્ર દ્વારા